વિધા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 126 | વર્ષ : 12 | મે : 2024 | પેઇજ : 22

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા




શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# બગલો અને કરચલો



આ મજેદાર વાર્તા આપણને એક સુંદર સંદેશ આપે છે. આ વાર્તા આપણને શીખવે છે કે, ક્યારેક એવો પણ સમય હોય કે જયારે આપણને કોઈની મદદ કે સહકાર ન પણ મળે, મુસીબતનાં એવા સમયમાં આપણી તીક્ષ્ણ બુદ્ધિ જ આપણી સાચી સાથી છે. મુશ્કેલીનાં સમયમાં પણ જે ડર્યા વિના, સ્વસ્થ મનથી, ઝડપથી વિચારવાની કાબેલિયત ધરાવે છે તે કોઇ પણ પરિસ્થિતિમાં પોતાનું રક્ષણ કરી શકે છે !



બહુ વખત પહેલાની વાત છે, એક તળાવ પાસે એક બગલો રહેતો હતો.
બગલો ખબર છે ને? પેલું એકદમ રૂ જેવું સફેદ, લાંબી ચાંચ, લાંબા પગવાળું પક્ષી, જે પાણીમાં લાંબા-લાંબા ડગ ભરીને ચાલે. અને એ શું ખાય ખબર છે? માછલી ખાય, દેડકા ખાય, નાના-નાના કરચલા ખાય અને વળી પાણીમાં રહેતા જીવ-જંતુ પણ ખાય!
તો, આવો જ એક બગલો એક સરસ મજાના, નાનકડા તળાવ પાસે રહે.
તળાવ તો ખુબ સુંદર, તેમાં ચોખ્ખું, મીઠું પાણી અને એ પાણીમાં જાત-જાતની માછલીઓ અને બીજા જીવો રહે. એટલે આપણા બગલાભાઈને તો મજા જ મજા! રોજ અલગ-અલગ પ્રકારની માછલીઓ ખાવા મળે તો કોને ન ગમે? એટલે આ તળાવને કાંઠે બગલો શાંતિથી જીવન પસાર કરી રહ્યો હતો.

સમય જતા બગલો થઇ ગયો વૃદ્ધ! હવે આંખો નબળી થઇ, શક્તિ ઓછી થઇ એટલે બગલો સારી રીતે શિકાર કરીને માછલીઓ પકડી શકે નહીં. કોઈ કોઈ વખત તો ભૂખ્યા રહેવાનો વારો આવે. પણ, બગલો એટલે એક ચતુર પક્ષી! તેણે એક યુક્તિ વિચારી લીધી કે જેથી કરીને તેની સમસ્યાનું કાયમી સમાધાન થઇ જાય અને હંમેશને માટે તેનાં ભોજનની વ્યવસ્થા થઇ શકે.

એક દિવસ બગલો તળાવમાં એકદમ ઉદાસ ચહેરા સાથે સ્થિર ઉભો હતો, ન હલે કે ન ચલે; ન તો માછલીઓ પકડે!! આમ તો તળાવના બધા જીવો આ બગલાથી દૂર જ રહે કેમકે, ક્યારે બગલાભાઈ એમનો કોળીયો કરી જાય એ થોડી ખબર પડે? પણ, આજે તો બધા તરતા-તરતા એમની ખૂબ નજીક પહોંચી ગયા તો પણ, બગલો તો એમને જાણે જોતો પણ નથી. આ તો કેવું આશ્ચર્ય ? બગલો માછલીઓ ન પકડે એ તે કેવું ?

તેનાં આવા વર્તનથી આશ્ચર્ય પામેલા જીવોમાંથી તળાવનો સૌથી વૃદ્ધ અને સમજુ કરચલો આગળ આવ્યો અને તેણે બગલાને પૂછ્યું, "શું વાત છે, બગલાભાઈ? કેમ આમ ઉદાસ છો?" દુઃખી ચહેરે, ભારે અવાજમાં જવાબ આપતા બગલો બોલ્યો, "અરે, અરે મારા આ પ્રિય તળાવને છેલ્લી વખત મન ભરીને જોઈ લઉં. હવે તો હું આ ઘર છોડીને દૂર ઊડી જવાનો છું. મને તમારી બધાની અને આ સુંદર તળાવની ખૂબ જ યાદ આવશે પણ, શું કરી શકાય?"

આ સાંભળી એક નાનકડી માછલી આગળ આવી અને આતુરતાથી પૂછવા લાગી, "કેમ? શું થયું? ઘર છોડીને કેમ જાઓ છો?"

તળાવના જીવોને પોતાની યુક્તિમાં ફસાતા જોઈ બગલો વધુ ઘેરા, ઉદાસીન અવાજમાં બોલ્યો, "મેં સાંભળ્યું છે કે, અમુક લોકો આ તળાવને માટીથી ભરી દેવાના છે. એ લોકો અહીં ખેતી કરીને પાક ઉગાડવાનું વિચારે છે. આ તળાવ સુકાઈ જશે તો શું થશે? આમ કહીને બગલો તો રડવા જેવો થઇ ગયો. રડમસ અવાજમાં આગળ બોલતા બગલો કહે, "હું તમને મરતાં નહીં જોઈ શકું. એટલે જ, હું અહીંથી ઊડી જવાનો છું. મેં નજીકમાં જ એક મોટું તળાવ જોયું છે. ત્યાં જઈને તમારા બધા વિના બાકીનું જીવન જીવી લઈશ.

બગલાની આવી વાત સાંભળી તળાવમાં રહેતી માછલીઓ, દેડકા અને કરચલા તો ગભરાઈ ગયા. એ બધા સાથે મળીને તેમને બચાવી લેવા માટે બગલા પાસે આજીજી કરવા લાગ્યા. તેમણે બગલાને કહ્યું કે, એ તેમને ચાંચમાં ભરીને પેલા મોટા તળાવ સુધી લઇ જાય. બગલો આવા કામ માટે ના પાડે ખરો?

# બગલો અને કરચલો



થોડી હા-ના કરતા લુચ્ચો બગલો બધાને એક-એક કરીને વારાફરતી પેલા તળાવ સુધી લઇ જવા માટે માની ગયો. તળાવનાં બધા જીવો તો ખુશ-ખુશ થઇ ગયા. એ તો નવા, મોટા તળાવમાં એમનું જીવન કેટલું સરસ હશે તેની કલ્પનામાં રાચવા લાગ્યા.
હવે, બગલો વારાફરતી એક-એક માછલીને પોતાની ચાંચમાં ભરીને પેલા તળાવ સુધી લઇ જવા માંડ્યો. તળાવનાં જીવો નવી જગ્યામાં પોતાના ભાઇઓ અને મિત્રોનું જીવન કેટલું સરસ હશે એ વિચારીને ખુશ થતા. બધા હોંશભેર પોતાનો વારો આવે તેની રાહ જોઇ રહ્યા હતા. પણ, ખરી વાતની તેમને ક્યાં જાણ હતી?

હકીકતમાં, બગલો તેમને ચાંચમાં ભરીને ઊડતો હતો ખરો પણ, એ તેમને ક્યાં લઇ જતો હતો ખબર છે? એ તેમને ચાંચમાં ભરીને, તળાવથી થોડે દૂર એક મોટા ખડક પર (ખડક એટલે કાળો, વિશાળકાય પથ્થર!) લઇ જતો અને ત્યાં બેસીને આ માછલીઓ, દેડકા કે નાના કરચલાઓને પોતાનું ભોજન બનાવતો હતો. અને તેમનાં હાડકાં ત્યાં જ ફેંકી તળાવ પર પાછો આવી બધાને ખોટું-ખોટું કહેતો કે, પેલા મોટા તળાવમાં તો બધા ખુબ આનંદ કરી રહ્યા છે. તળાવનાં જીવો તેની વાત માની, બગલાનો આભાર માનતા પોતાનો વારો ક્યારે આવે તેની રાહ જોતા!

આ તો હવે રોજનું થયું, જયારે-જયારે બગલો ભૂખ્યો થાય, ત્યારે-ત્યારે એ પેલા મોટા તળાવમાં લઇ જવાનાં બહાને માછલીઓને પોતાની ચાંચમાં ભરીને લઇ જતો અને તેમનો કોળીયો કરી જતો. આવું લાંબો સમય ચાલ્યું. અત્યાર સુધીમાં તો હવે બગલો આ તળાવની મોટાભાગની માછલીઓ, દેડકા અને નાના કરચલા ખાઇને તાજોમાજો થઇ ચુક્યો હતો.

હવે વારો આવ્યો પેલા વૃદ્ધ, સમજુ કરચલાનો! વૃદ્ધ કરચલો નવા ઘરમાં જવા માટે ઘણો ઉત્સુક હતો. તે વિચારી રહ્યો હતો કે, “હાશ! હવે હું મારા પરિવાર અને મિત્રો સાથે નવા, મોટા ઘરમાં આનંદથી જીવન પસાર કરીશ.” આ બાજુ મનમાં રાજી થતો બગલો વિચારી રહ્યો હતો કે, “આવ, આવ મૂર્ખ કરચલા! આજે મને પણ થોડી અલગ વાનગી ખાવાનો આનંદ આવશે. રોજ-રોજ એકસરખું ભોજન ખાઇને હું પણ ઉબાઇ ગયો છું! (ઉબાઇ જવું એટલે ખબર છે ને? કંટાળી જવું કે એકનું એક ખાઇને અરુચિ થવી)”

હવે, બગલો તો કરચલાને ઉપાડી અને પેલા મોટા ખડક તરફ ઉડવા લાગ્યો. કરચલો પણ મનમાં ખુશ થતો પોતાનું નવું ઘર જોવા મળે તેનાં ઉત્સાહમાં નીચે આમ-તેમ જોવા લાગ્યો. અધીરો બની એ તો હવે ક્યારે મોટું તળાવ દેખાય અને ક્યારે તેનાં પરિવારજનો અને મિત્રો તેને આવકારે તેની રાહમાં ચારે તરફ નજર દોડાવે છે. પણ, દૂર-દૂર સુધી ક્યાંય કોઇ તળાવ કેમ નથી દેખાતું? અને આ શું? નીચે એક મોટો, કાળો ખડક છે ને તેના પર આ શું પડ્યું છે? અરે, આ તો માછલીઓના હાડકાં!? આખા ખડક પર આમ-તેમ વિખરાયેલા માછલી વગેરેનાં હાડકાં જોઇને અનુભવી અને હોશિયાર એવો કરચલો આખી વાત સમજી ગયો.

હવે, બગલો જેવો ખડક તરફ નીચે ઉતરવા લાગ્યો કે તરત જ, કરચલાએ પોતાનાં કાતર જેવા ધારદાર પંજા વડે બગલાની ડોક કચકચાવીને પકડી લીધી. બગલો આમ-તેમ જટકા મારી પોતાનું ગળું છોડાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યો પરંતુ, કરચલો એટલો ગુસ્સે ભરાયેલો હતો કે, તેણે બગલાની ડોક પર પોતાની પકડ વધુ મજબૂત કરી દીધી. છેવટે દુષ્ટ બગલાની ડોક મરડાઇ ગઇ અને મરેલો બગલો જમીન પર પટકાઇ પડ્યો.



ત્યારબાદ, કરચલો ત્યાંથી ધીમે-ધીમે ચાલીને પોતાના તળાવ સુધી પાછો ફર્યો. આવીને તેણે બધાને બગલાની દુષ્ટતા અને તેનાં બદઈરાદા વિશે જણાવ્યું. તેમજ પોતે કઇ રીતે બગલાથી પોતાનો બચાવ કર્યો એ વાત પણ કહી સંભળાવી. તળાવનાં બધા જીવોએ સમજુ કરચલાનો આભાર માન્યો અને તેની બહાદુરીનાં વખાણ કરતા તેને બિરદાવવા લાગ્યા.

આમ, કરચલાની ત્વરિત વિચાર કરી શકવાની શક્તિ, ધૈર્ય અને તેની બહાદુરી વડે તેનો તથા તળાવનાં બીજા ઘણાં જીવોનો દુરાચારી બગલાથી બચાવ થઇ શક્યો!



## ઐતિહાસિક ઈમારત : દિલ્હીનો લાલ કિલ્લો

દિલ્હીનો લાલ કિલ્લો ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતો પ્રાચીન અને ભવ્ય સંકુલ છે. લાલ પથ્થર વડે ૧૭મી સદીમાં બંધાયેલા આ કિલ્લા પરથી સ્વાતંત્ર્યદિને વડાપ્રધાન રાષ્ટ્રજોગ પ્રવચન કરે છે.

ઈ.સ. ૧૬૩૮ માં મોગલ બાદશાહ શાહજહાંએ પાટનગર આગ્રાથી ફેરવી દિલ્હીમાં ખસેડયું ત્યારે લાલ કિલ્લાનું બાંધકામ શરૂ કરાયેલું. તેને બંધાતા ૧૦ વર્ષ લાગ્યા હતા. શાહજહાંએ તેને કિલ્લાએ મુબારક નામ આપેલું.

લાલ કિલ્લાની ફરતે ૨.૪ કિલોમીટર લાંબી દીવાલ છે. આ દીવાલ ૧૮ મીટરથી ૩૩ મીટર સુધી ઉંચી છે. સુંદર આરસ પહાણની કલાત્મક કોતરણીથી શોભતા તેના રંગ મહેલની છત ચાંદીની હતી. કોહિનૂર હીરો જડેલું સિંહાસન આ કિલ્લામાં હતું. કિલ્લાના બે ભાગ હતા દિવાને આમ અને દિવાને ખાસ. દિવાને આમ એટલે સામાન્ય જનતા માટેનો દરબાર અને દિવાને ખાસ એટલે શાહી પરિવારનું રહેઠાણ.

કિલ્લામાં મોતી મસ્જિદ, રાણીનું નિવાસ સ્થાન, હયાત બક્ષ, બાગ, રંગ મહેલ અને સંગીતભવન જોવા જેવા છે. શાહજહાં પછી ઘણા બાદશાહોએ આ કિલ્લામાં સુધારા વધારા કર્યા. અંગ્રેજોના શાસન દરમિયાન તેમની કેટલીક કીંમતી વસ્તુઓ ખસેડી લેવાઈ છતાં કિલ્લાની સુંદરતા ઓછી થઈ નથી.

## અવકાશનો અજાયબ પૂંછડિયો તારો : ધૂમકેતુ

સૂર્યમાળામાં ગ્રહો, લઘુગ્રહો, અને કૂઈપર બેલ્ટના ખડકો ઉપરાંત પૂંછડિયા તારા તરીકે ઓળખાતા કોમેટ પણ સૂર્યની પ્રદક્ષિણા કરે છે. કોમેટ એ અવકાશના અજાયબ તારા છે. તેને પ્રકાશિત પૂંછડી હોય છે. તેને ધૂમકેતુ પણ કહે છે. કેટલાક દેશોમાં ધૂમકેતુ વિશે અનેક અંધશ્રધ્ધા પ્રચલિત છે. ધૂમકેતુથી ગભરાતા લોકો છત્રી, ગેસ માસ્ક વગેરે ખરીદવા નીકળી પડયાના ઉદાહરણ છે.



ધૂમકેતુના કેન્દ્રમાં બરફનો ગોળો હોય છે. તેમાં મિથેન, એમોનિયા અને કાર્બન ડાયોકસાઈડ જેવા વાયુઓ હોય છે. તે વિશાળ કદનો તારો છે તેની પ્રકાશિત પૂંછડી લાખો કિલોમીટર લાંબી હોય છે.

ધૂમકેતુ ચોકકસ સમયગાળામાં પ્રદક્ષિણા કરે છે. પૃથ્વી પરથી કેટલાક ધૂમકેતુઓ જોઈ શકાય છે. સૌથી વધુ જાણીતો હેલીનો ધૂમકેતુ દર ૭૬ વર્ષે પૃથ્વી પરથી દેખાય છે. શૂ મેકર, હેલ બીપ જેવા લગભગ ૩૦૦૦ જેટલા કોમેટ સૂર્યમાળામાં ઘૂમી રહ્યાં છે.

# મરચાંની તીખાશનું વિજ્ઞાન



શાક માર્કેટમાં જાતજાતના મરચાં જોવા મળે. મરચાંની કુલ ૩૦૦૦ કરતાં વધુ જાત છે. બધામાં વધતી ઓછી તીખાશ હોય. મરચા સુકાય ત્યારે લાલ થઈ જાય છે તેની ખાંડીને પાવડર સ્વરૂપે રસોઈમાં વપરાય છે. મરચાના ઘણા આયુર્વેદિક ગુણો પણ છે.


મરચાં લીલા હોય કે સુકા તીખા તો લાગે જ. મરચામાં કેપ્સેસીન નામનું દ્રવ્ય હોય છે. આ દ્રવ્યને રંગ કે ગંધ નથી પણ તીખો સ્વાદ છે. તીખો સ્વાદ વિશિષ્ટ છે. વિજ્ઞાનીઓએ મરચાંની તીખાશ માપવા સ્કીવીલ સ્કેલ શોધ્યો છે. મરચાંમાં રહેલ કેપ્સેસીનના પ્રમાણ પ્રમાણે તે કેટલા સ્કોવીલ યુનિટ તીખું છે તે જાણવા મળે છે.

આસામના ભૂત ઝોલકિયા મરચાં વિશ્વમાં સૌથી તીખા છે. તેની તીખાશ એક લાખ સ્કોવીલ યુનિટથી વધુ છે. આપણે રસોઈમાં સામાન્ય રીતે ત્રણથી ચાર હજાર સ્કોવીલ યુનિટ તીખા મરચાં વાપરી શકીએ.

આસામના ભૂતઝોલકિયા અને ટ્રીનીડાડના ટ્રીનીડાડ સ્કોર્પિયન મરચાં સૌથી વધુ તીખા છે. ત્યારબાદ હબાલોકિયા, ડોર્સેટ નાગા, સેવન પોટ હબાનેરો, નાગા વાઈપર અને કેરોલીના રીપર ખૂબ જ તીખા મરચાની જાત છે. કેપ્સેસીન પાણીમાં ઓગળતું નથી પરંતુ ચરબીમાં ઓગળે છે. મરચું તીખું લાગે તો દૂધનો ઘૂંટડો ભરવાથી જીભ ઉપરનું કેપ્સેસીન ઓગળીને દૂર થઈ જાય છે. અને તીખાશ બંધ થઈ જાય છે. ૧૦૦ થી ૧૦૦૦ સ્કોવીલ યુનિટના સૌથી ઓછા તીખા મરચાની જાતમાં બનાના પીપર, પાપરિકા થાઈમેન્ટોનો સમાવેશ થાય છે. ગોળ દડા જેવા કેપ્સીકમ મરચા બેલ પીપર કે સ્વીટ પીપર કહેવાય છે તેમાં કેપ્સેસીન હોતું નથી એટલે તીખા પણ હોતા નથી.

# કૃત્રિમ વરસાદ કેવી રીતે થાય ?

દરિયા અને જળાશયોનાં પાણીની વરાળ આકાશમાં જાય, વાદળો બંધાય અને તે ઠંડા પડે ત્યારે વરસાદ થાય. આ જાણીતી વાત છે. પવનને કારણે આકાશમાં ઘૂમતા વાદળો કયાં જાય અને વરસે તે આપણા હાથની વાત નથી. તેની આગાહી થઈ શકે પણ વરસાવી શકાય નહીં. પરિણામે કયાંક ખૂબ જ વરસાદ પડે અને કયાંક ન પણ પડે. વરસાદની અછત હોય ત્યારે વિજ્ઞાનીઓએ કૃત્રિમ વરસાદ લાવવાની પધ્ધતિ શોધી છે.



કૃત્રિમ વરસાદ લાવવા માટે આકાશમાં વાદળ હોવા જરૂરી છે. હેલિકોપ્ટર કે વિમાન દ્વારા વાદળો સુધી પહોંચી કેટલાક રસાયણો છાંટી વાદળને ઠંડા કરી વરસાવી શકાય છે. આ રીતને કલાઉડ સિડિંગ કહે છે. તે માટે વાદળમાં સીલ્વર આયોડાઈડ છાંટવામાં આવે છે. સીલ્વર આયોડાઈડ છીણેલા બરફ જેવા ભૂકા સ્વરૂપે હોય છે. કૃત્રિમ વરસાદ વરસાવવા માટે ઘટ્ટ વાદળોને પસંદ કરાય છે. જમીન પરથી સિલ્વર આયોડાઈડ રસાયણને રોકેટમાં ભરી વાદળ તરફ છોડી શકાય છે. જો કે આ રીતમાં હંમેશા સફળતા મળતી નથી અને વરસાદનું પ્રમાણ પણ ઓછું હોય છે.

# AEROMODELLING













# BE A SUPERMOM






# HEALTHY HABBITS & NUTRITION WORKSHOP








# A BEGINNERS GUIDE TO STOCK MARKET WORLD














# PARENTS MEETING












# SMART TEACHER TRAINING














# KIDS CARNIVAL CAMP
















# KIDS CARNIVAL CAMP















# KIDS CARNIVAL CAMP














# KIDS CARNIVAL CAMP















# KIDS CARNIVAL CAMP















# TRADE FAIR




Trade Fair
ORGANISED BY
PANCHSHIL SCHOOL
• Clothing Bazar
• Fashion Jewellery
• Food Court
• and Many More...
Date : 29 to 30 April 2024
Time : 09:00 AM to 12:00 PM
03:00 AM to 06:00 PM




Kurti, Kurti Pair,
Comfort Pant, Frocks,
One Piece, T-Shirt,
Kids Wear and Many More...







# TRADE FAIR
















# TRADE FAIR













# TRADE FAIR















# TRADE FAIR


PANCHSHIL SCHOOL
Childhood is a
not a race.
to learn


GOLIWALA
Soda Shop








GAMES
PANCHSHIL SCHOOL

# TRADE FAIR




FOOD


BALAJI


શ્રી ગૃહ ઉદ્યોગ
ખીચીયા તથા અળદના પાપડ
મકાઈના પાપડ
ફરાળી પાપડ


VYAS


ASOPALAV ART

# પંચશીલ સ્કૂલ




ઉપરના સોશ્યિલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેકટ થઈએ